

ઉમિયા કન્યા છાત્રાલય મંડલેશ્વર મધ્યપ્રદેશ રાજયના ટ્રસ્ટીઓએ આજે કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંકુલની મુલાકાત લીધી હતી. જેમાં તેઓએ સંસ્થાના વિવિધ શૈક્ષણિક વિભાગો સહિત નિવાસી વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓના સંકુલની વિગતવાર માહિતી મેળવી હતી. ઉમિયા કન્યા છાત્રાલયના અધ્યક્ષ રાધેશ્યામ કસરાવદિયા, ઉમિયા કન્યા શિક્ષણ સંસ્થાના અધ્યક્ષ મથુરાલાલજી પાટીદાર, સંરક્ષણ સદસ્ય માંગીલાલજી, ઉપાધ્યક્ષ ઉમિયા કન્યા છાત્રાલયના ભગવાનભાઈ પાટીદાર, ઉમિયા કન્યા મહાવિદ્યાલયના ઉપાધ્યક્ષ ડૉ. ભગવાનભાઈ પાટીદાર, કોષાધ્યક્ષ ઉમિયા કન્યા મહાવિદ્યાલયના બાબુલાલ પાટીદાર, ઉમિયા કન્યા છાત્રાવાસના ટ્રસ્ટીશ્રીઓમાં તિલોકચંદજી પાટીદાર, ગોપાલજી પાટીદાર, ડૉ. શ્રીરામ પાટીદાર, રામેશ્વર પાટીદાર, દ્વારકા પ્રસાદ પાટીદાર સહિત ઊંઝા ઉમિયા માતા સંસ્થાનના મનુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓનું સ્વાગત કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ એમ. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. જયારે સંકુલની સ્થળ મુલાકાત અને સંસ્થાકીય માહિતી ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. આર.જે. વ્યાસ, ડૉ. વીણાબેન પટેલ, ડાયરેકટર ડી.ટી. કાપડીયા અને રજિસ્ટાર એસ.કે. મંત્રાલાએ આપી હતી.

# ઈસનપુર મોટામાં ધમધમતા દેશી દારૂના અડ્ડાઓ પર સપાટો

## પોલીસે ત્રણ ભઠ્ઠાઓ પર દરોડા પાડી ૪૫૦ લીટર દારૂનો વોશનો નાશ કર્યો : એક મહિલા સહિત ત્રણ બુટલેગર સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર પાસેના ઈસનપુર મોટા ગામની સીમમાં પર ચિલોડા પોલીસે આજે દરોડાઓ પાડ્યા હતા. રણજીત બળદેવ બિહોલા, ગાંડાજી કાળાજી ઠાકોર અને જશીબેન પ્રતાપસિંહ ઠાકોર મળીને ત્રણેય બુટલેગરોના અડ્ડાઓ પર પોલીસ ત્રાટકી હતી. પોલીસે દરોડાઓ પાડીને ત્રણેય અડ્ડાઓમાંથી ૯ લીટર દેશી દારૂ તથા કેરબા અને પીપડા જપ્ત કર્યા હતા. તે ઉપરાંત દારૂ બનાવવા વપરાતો ૪૫૦ લીટર વૉશનો પોલીસે નાશ કરી મહિલા બુટલેગર સહિત ત્રણ સામે ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

ધમધમતા દેશી દારૂના અડ્ડાઓ પર આજે ચિલોડા પોલીસે સપાટો બોલાવ્યો હતો. ૩ અડ્ડાઓ પર દરોડા પાડીને પોલીસ દેશી દારૂ તથા દારૂ બનાવવા વપરાતા ૪૫૦ લીટર વોશ કબ્જે કરી વોશનો નાશ કર્યો છે. પોલીસે એક મહિલા સહીત ત્રણ બુટલેગરો સામે પ્રોહીબીશનનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે. ચિલોડા નજીકના ઈસનપુર મોટા ગામમાં ચાલતા દેશી દારૂના ભઠ્ઠાઓ



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

# ગુરૂકુલમાં ધો. ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે છેડતી

## શાળાએથી ઘરે જતી વખતે રસ્તામાં વિદ્યાર્થિનીને છેલ્લા ૧૫ દિવસથી એક શખ્સ છેડતી કરી મારી નાંખવાની ધમકી આપતો હોવાની પોલીસ ફરીયાદ

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર શહેરમાં રહેતી અને શહેરની ગુરૂકુલ શાળામાં ધો. ૯માં અભ્યાસ કરતી વિદ્યાર્થિની સાથે છેલ્લા ૧૫ દિવસથી ચરેડી છાપરાનો એક યુવાન સખ્સ તેણીના અવરજવરના રસ્તામાં છેડતી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતો હોવાની ફરીયાદ તેણીની માતાએ સે. ૨૧ પોલીસ મથકે આપતા ચકચાર મચી જવા પામી છે. સે. ૨૧ પોલીસે વિદ્યાર્થિનીની માતાની ફરીયાદ લઈ રોમીયોગીરી કરતા શખ્સની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર શહેરની ગુરૂકુલ શાળામાં ધો. ૯માં અભ્યાસ કરતી ૧૪ વર્ષની વિદ્યાર્થિની શહેરના જ એક સેકટરમાં રહે છે. ઘરેથી શાળાએ અને શાળાએથી ઘરે આવવા-જવાના રસ્તામાં ૧૦મી માર્ચથી એટલે કે છેલ્લા ૧૫ દિવસથી સે. ૨૮ ચરેડી છાપરામાં રહેતો યુવાન શખ્સ પાંડીયન મરતાભાઈ વચ્ચે આવીને ઉભો રહી જાય છે અને વિદ્યાર્થિનીની છેડતી કરીને 'જો તુ મારી જોડે નહી આવે તો મારી નાંખીશ' તેમ જાનથી મારી નાંખવાની ધમકીઓ આપે છે. આ અંગે વિદ્યાર્થિનીએ ઘરે વાત કરતા તેણીની માતા પોલીસ સ્ટેશન દોડી આવી હતી. સે. ૨૧ પોલીસમથકે પાંડીયન મરતાભાઈ સામે ફરીયાદ આપતા પોલીસે તેની સામે છેડતી અને મારી નાંખવાની ધમકી અંગે ગુનો દાખલ કરી તેની શોધખોળ શરૂ કરી છે.

# આજે સંત નિરંકારી મિશનના જ્ઞાન પ્રચારક સુરીન્દર પાલ કમલજી ગાંધીનગરમાં

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના સંત નિરંકારી મિશન દ્વારા તા. ૨૬મી માર્ચ બુધવારે જ્ઞાન પ્રચારક મહાત્મા સુરીન્દર પાલ કમલજી પધારવાના છે. સંત નિરંકારી મિશનના જ્ઞાન પ્રચારક સુરીન્દર પાલ કમલજી જ્ઞાન પિપાસુઓને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ કરાવનાર છે.

સે-૩૦ ખાતે શાંતિવન સોસાયટીની સામે આવે સંત નિરંકારી ભવનમાં સુરીન્દર પાલ કમલજીના અધ્યક્ષપણા હેઠળ સાંજે ૫ થી ૮ વાગ્યા દરમિયાન સત્સંગ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે સુવર્ણતક સમાન સુરીન્દરપાલ કમલજીની ઉપસ્થિતિને માણવા સંત નિરંકારી મિશન ગાંધીનગરના પ્રમુખ કે.એસ. યુધે રસિકજનોને હાર્દિક આમંત્રણ પાઠવ્યુ છે. આ સંત્સંગ કાર્યક્રમ બાદ ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે સંત નિરંકારી ભવન ખાતે નિયમિત દર રવિવારે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા દરમિયાન સત્સંગ કાર્યક્રમ યોજાય છે. આ ભવનમાં એક લાયબ્રેરીની પણ વ્યવસ્થા છે જયાં વિવિધ ધર્મના આધ્યાત્મિક પુસ્તકો રાખવામાં આવેલા છે જેનો લાભ લેવા માટે પણ નગરજનોને અને સિનિયર સીટીઝન્સને આવકાર્યા છે. નિરંકારી સત્સંગનો મુખ્ય આધાર ગીતા જ્ઞાન હોય છે તેમજ આ સત્સંગમા કોઈ પણ જ્ઞાતિ-જાતિનો કે ઉંમરનો ભેદભાવ રાખવામાં આવતો નથી.

# મહિલા સાથે આડા સંબંધ મામલે યુવાનની હત્યા કરનાર ૩ ઝબ્બે

## ભોંયણ રાઠોડ ગામમાં ત્રણ ભાઈઓએ ધોકા મારીને યુવાનનું ઢીમ ઢાળી દીધુ હતુ

ગાંધીનગર, તા. ૨૫

ભોંયણ રાઠોડ ગામમાં ગઈકાલે મહિલા સાથે આડા સંબંધને મામલે ત્રણ ભાઈઓએ મળીને ધોકા મારીને એક યુવાનની હત્યા કરી નાંખી હતી. પેથાપુર પોલીસે ત્રણેય હત્યારા ભાઈઓ સામે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ત્રણેયની પોલીસે ધરપકડ કરી લઈ કોર્ટમાંથી રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર પાસે આવેલા ભોંયણ રાઠોડ ગામની એક મહિલા સાથે ૩૫ વર્ષના અમૃત ગાભાભાઈ દંતાણીના આડા સંબંધો હોવાની હકીકત મહિલાના સગા-વ્હાલાને મળતાં ગઈકાલે ધમાલ થઈ હતી. બાદર ચંદુ દંતાણી, દિલેશ ચંદુ દંતાણી અને દિલીપ ઉર્ફે પકો ચંદુ દંતાણી ત્રણેય ભાઈઓએ મળીને અમૃત દંતાણીના માથાના ભાગે ધોકો અને ગડદાપાટુનો માર માર્યો હતો. જેમાં ઘટના સ્થળે જ અમૃત દંતાણીનું મૃત્યુ થયું હતું. ત્રણેય શખ્સો સામે પેથાપુર પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી કાર્યવાહી કરી હતી. દરમ્યાન ત્રણેય હત્યારા ભાઈઓની પેથાપુર પોલીસે ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

# નો પાર્કિંગમાં આડેધડ મુકેલા ૩૨ બાઈક ડીટેઈન કરાયા

ગાંધીનગર શહેરમાં અડચણરૂપ તથા આડેધડ પાર્ક કરી દીધેલા બાઈકને કારણે ટ્રાફીકની સમસ્યા વકરી ગઈ છે તે ઉપરાંત વાહન ચોરીના બનાવો પણ વધી ગયા છે. જેને પગલે સે. ૭ પોલીસે આવા અડચણરૂપ પડેલા અને નો પાર્કિંગમાં પાર્ક કરેલા બાઈકોને ડીટેઈન કરવાની કામગીરી શરૂ કરી છે. આજે પોલીસે એસ.ટી. ડેપો તથા આસપાસના વિસ્તારોમાંથી ૩૨ બાઈકો ડીટેઈન કરી લીધા છે. વધતા જતા વાહનચોરીના બનાવો તથા વકરતી જતી ટ્રાફિકની સમસ્યાને નિયંત્રણમાં લેવા માટે સે-૭ પોલીસે આડેધડ અને નડતરરૂપ મુકેલા વાહનો ડીટેઈન કરવાની કામગીરી આરંભી છે. આ ઝુંબેશના પ્રથમ દિવસે એટલે કે ગઈકાલે ૩૦ જેટલા વાહનો પોલીસે ડીટેઈન કર્યા હતા. જ્યારે આજે સતત બીજા દિવસે પણ પોલીસે સપાટો બોલાવ્યો છે. એસ.ટી. ડેપો પાર્કિંગ બહાર, સિવિલ હોસ્પિટલ, સે. ૧૧ કોમર્શીયલ કોમ્પલેક્ષો બહાર આડેધડ 'નો' પાર્કિંગમાં મુકેલા ૩૨ બાઈકો આજે સે. ૭ પોલીસે ડીટેઈન કરી લીધા છે.

# આજે સે. ૨૪માં સંગીતમય સુંદરકાંડ કથા પાઠ

સેક્ટર-૨૪માં તા. ૨૬મી માર્ચ બુધવારે પ્રસિદ્ધ કથાકાર કન્હૈયાલા મહારાજની વ્યાસપીઠે સંગીતમય સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું છે. આ સુંદરકાંડ જયેશભાઈ રાજવીના પિતા વાલજીભાઈની દ્વિતિય પુણ્યતિથિ નિમિત્તે યોજાનાર છે. આ સુંદરકાંડ રાત્રે ૮.૦૦ કલાકે પ્લોટ નં. ૫૬૭, આદર્શનગર (પીળા પટ્ટા) ખાતે યોજાશે. જેનો લાભ લેવા સર્વ ધર્મપ્રેમી ભાઈ-બહેનોને આમંત્રણ અપાયું છે.

# રાંધેજામાં મેઘા મેડીકલ ચેકઅપ કેમ્પ યોજાયો

## જુનિયર ચેમ્બર દ્વારા આયોજિત કેમ્પમાં ગાંધીનગરના નિષ્ણાંત તબીબો ખડેપગે રહ્યા : કુલ ૪૫૧ દર્દીઓનું ચેકઅપ કરાયું

ગાંધીનગર, તા. ૨૫

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલના ગાંધીનગર દ્વારા તા. ૨૩મી માર્ચ રવિવારે રાંધેજા ખાતે એક 'મેઘા મેડીકલ કેમ્પ'નું આયોજન કર્યુ હતુ. આ કેમ્પમાં ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ દર્દીઓને નિષ્ણાંત તબીબોની સેવાઓ અપાઈ હતી તેમજ મહારોગ ડાયાબીટીશનું ચેકઅપ કરાયું હતું.

જેસીઆઈ દ્વારા આયોજિત આ કેમ્પમાં ગાંધીનગરની સીવીલ હોસ્પિટલના સહકારથી ગ્રામ્ય વિસ્તારના દર્દીઓનું ડાયાબીટીશ ચેકઅપ કરવામાં આવ્યું હતું. તેમજ આ કેમ્પમાં દર્દીઓને હેલ્થ મેડીકલ ચેકઅપ સહિત વિના મૂલ્યે દવાઓની સેવા પૂરી પાડવામાં આવી હતી. આ નિદાન શિબિરમાં જેસીઆઈ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ કેતન નિર્મળ અને શાળાના ટ્રસ્ટી ભોગીભાઈ મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

આ મેઘા હેલ્થ મેડીકલ ચેકઅપ કેમ્પનો કુલ ૪૫૧ દર્દીઓએ લાભ લીધો હતો. આ રોગ નિદાન કેમ્પમાં ગાંધીનગરના નિષ્ણાંત તબીબો ડૉ. જયદીપ ગઢવી, ડૉ. બિમલ મોદી, ડૉ. કાર્તિક મહેતા, ડૉ. અંકુર પરમાર, ડૉ. ઘનશ્યામ ચૌહાણ, ડૉ. પરાગી ગાંધી, ડૉ. શ્વેતા પરમાર, ડૉ. સેસીલ પરમાર, ડૉ. પ્રકાશ ઠાકોર, ડૉ. તેજલ દલાલ અને તેમની ટીમ, ડૉ. અપૂર્વા રાવલ અન ડૉ. રચનાએ તેમની સેવાઓ આપી હતી.

# આજે ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની સામાન્ય સભા

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિની સામાન્ય સભા તા. ૨૬મી માર્ચ, બુધવારે સેકટર-૨૨ ખાતેના કોંગ્રેસ કાર્યાલય પર બપોરે ૩.૩૦ કલાકે યોજાશે. આ સામાન્ય સભામાં ગાંધીનગર લોકસભા મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર કિરીટભાઈ પટેલ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસના તમામ હોદેદારો, આગેવાનો, કોર્પોરેટરો, મહિલા કોંગ્રેસ, યુવા કોંગ્રેસ, એન.એસ.યુ.આઈ. જુદા જુદા સેલના ચેરમેનો અને કાર્યકરોને સમયસર ઉપસ્થિત રહેવા તાકીદ કરાઈ છે. આ બાબતની માહિતી શહેર જિલ્લા કોંગ્રેસ સમિતના મહામંત્રી કે.પી. સોલંકીએ આપી હતી.

# બાળક સમસ્યા નથી બાળક તો સંભાવના છે : પ્રો. દીપકભાઈ તેરૈયા

ગાંધીનગર, તા.૨૫

પૌરાણિક શાસ્ત્રો, ભારતીય સંસ્કૃતિના ગ્રંથો તેમજ તત્વજ્ઞાનના અભ્યાસ માટે બીએપીએસ સંસ્થા દ્વારા અક્ષરધામ, ગાંધીનગરના પરિસરમાં 'આર્ષ' નામે સંશોધનનો વિભાગ ચાલે છે. તેમાં ત્રૈમાસિક પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવે છે. તાજેતરમાં 'આર્ષ' અક્ષરધામ દ્વારા 'બાળ ઉછેર આરોગ્ય અને આધ્યાત્મિક દ્દષ્ટિએ' ૬૭મી પ્રવચનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગાંધીનગરના પ્રો. દીપકભાઈ તેરૈયાએ બાળ ઉછેર આરોગ્ય દ્દષ્ટિએ આ વિષે પ્રવચન કર્યુ હતું. આ પ્રવચન માળાનાં ૬૭માં પ્રવચનમાં આશરે ૧૫૦૦ જેટલા શ્રોતાઓએ ભાગ લીધો હતો.

પ્રો. દીપકભાઈ તેરૈયાએ તેમના વકતવ્યમાં જણાવ્યું હતું કે આ દુનિયામાં બીજા ઉપર આધાર રાખીને જીવનાર જો કોઈ હોય તો તે બાળક છે. આપણાં બાળકોને ઉછેરવાની આપણી પદ્ધતિ જ તેમના ભવિષ્યની જીવનશૈલી નિર્ધારિત કરે છે. તેમને આરોગ્યની વ્યાખ્યા આપતા જણાવ્યુંહતુંકે કોઈ પણ પ્રકારની બીમારીથી ફ્રી રહેવું તે આરોગ્ય. પરિવારની વ્યાખ્યા એટલે સ્વાભાવિક રીતે પતિ, પત્ની અને એક બાળક એટલે પરીવાર, બાળકને શું કરવું તે શીખવાડવામાં આવે છે પરંતુ કેવી રીતે કરવું તે શીખવાડવામાં આવતું નથી. બાળક જન્મે ત્યારથી ૫ વર્ષ સુધી એને એના માતાની હુંફની જરૂર હોય છે. પરંતુ બાળકને અઢી વર્ષનું થાય ત્યારથી જ નર્સિંગહોમમાં મુકવાનું નક્કી કરી દેવામાં આવે છે. ઘરમાં રમવાના બદલે પ્લે હાઉસમાં મુકી દેવામાં આવતા હોય છે. એ જ બાળક ૨૫ વર્ષનો થાય ત્યારે લગ્ન થતા માબાપથી છુટો થઈ જાય છે. જયારે બાળકને માબાપની હુંફની જરૂર હતી ત્યારે આપણે બાળકને બહાર મૂકી દીધુંઆ જાતના સંસ્કારથી જયારે આપણે જરૂર પડે ત્યારે તે આપણને છોડી દે છે. બાળકને કયાં, કયારે, કેટલું અને કેવું ભોજન લેવું તે શિખવવું જોઈએ. કારણ કે અત્યારે આપણે બાળકને ખીચડી જમાડતા સમયે ટીવી કાર્ટુન જોતા જોતા અને આખી વાટકી ખીચડી પૂરી કરાવવા મજબુર કરતા હોઈએ છીએ ત્યારથી આ વધુ જમવાની ટેવ શરુ થાય છે. મોટા થાય ત્યારે પણ આજ રીતને અપનાવાની શરૂઆત થાય છે. બાળકને આપણે એને આપણી રીતે જમવાનું આપવું. પહેલેથી જ જમવામાં કંટ્રોલ કરવું. બાળકને રમવું છે ત્યારે આપણે તેને ઊંઘવાનું કહીએ છીએ જયારે એને સવારે ઊંઘવું છે ત્યારે આપણે એને વહેલા જગાડીને સ્કૂલમાં મોકલીએ છીએ. માટે આપણે તેને ૧૫ મીનીટ વહેલા જગાડવો જેથી તે ફ્રેશ થઈ જશે અને ઉઠી પણ જશે. જીવનશૈલીમાં શ્રમ અને કસરતનું મહત્વ જરુરી છે. પહેલા બાળક ફૂટબોલ રમવા જતો હવે ઘરમાં ટીવી ઉપર રમત રમે છે. પહેલાના જમાનામાં દેશી રમતો જેવી કે થપ્પો, આંબલી પીપળી, ગીલી દંડો વગેરે રમતો રમતા, શારીરિક કસરત થતી. બાળકને જેટલી સૂચના મળે તેની યાદી બનાવી એવરેજ કાઢીએ તો એક બાળક એક દિવસમાં ૩૫૦થી વધુ સૂચના સાંભળે છે. આમ કર, આમ ન કર વગેરે. પણ આપણે સાથે જઈ જણાવવું જોઈએ કે આમ કરાય આમ ન કરાય. આપણે બહારથી નાસ્તો લાવીએ છીએ પણ કૃષ્ણ ભગવાને કહ્યુંછે કે માના હાથની બનાવેલ રસોઈ ખૂબ ભાવે છે. કેટલીક પ્રકૃતિ આપણે લઈને આવીએ છીએ કોઈને તીખું ભાવે કોઈને ગળ્યું ભાવે માટે આપણે એને અનુરૂપ રસોઈ આપવી જોઈએ.

બીજા પ્રવચનમાં પ્રભાવક વકતા પૂ. હરિચિંતનદાસ સ્વામીએ તેમના 'બાળ ઉછેર આધ્યાત્મિક દ્દષ્ટિએ' આ પ્રવચનમાં જણાવ્યું હતું કે સુખી કોણે થવું છે? પોતાના બાળકને સુખી કરવું છે કે નહી? આપણે આપણી જાતને સંપૂર્ણ સુખી નથી માનતા એમ કેમ છે? આ પ્રશ્ન આખા માનવજાતનો છે. કારણ કે આપણી દોટ કોઈ ગલત દિશામાં થઈ છે. માટે કોઈ ખોટી દિશામાં આપણે જતા રહ્યા છીએ. કંચન, કાન્તા અને કીર્તિ આ ત્રણ વસ્તુમાં આપણે સુખ માન્યું છે. જે ખોટું છે. કોઈ એક બસ ગાંધીનગરથી મુંબઈ જવા માટે નીકળે પણ ૧૦ વર્ષ સુધી મુંબઈ ન આવે તો આપણે કોઈ બીજી બસમાં બેઠા છીએ માટે મુંબઈ ન આવ્યું. માટે દિશા ખોટી છે તેમ સમજાય છે. કોઈ વસ્તુ ખોવાઈ હોય તો જયાં ખોવાઈ હોય ત્યાં જ શોધાય. આપણા ઘરમા આવેલું સંતાન એ દૂધ જેવો છે. જેમ દૂધમાંથી કાંઈ ન બનાવો તો દૂધ બગડી જાય તેમ જો બાળકને કાંઈ ન બનાવો તો તે બગડી જાય. માટે બાળકને આધ્યાત્મિક વિકાસ સુધી પહોંચાડવો જોઈએ. ઘરમાં દીકરી આવે તો આપણને ભૂતડી જન્મી હોય તેમ લાગે છે. તેના જન્મથી જ તેના લગ્ન, તેના તમામ ખર્ચાના ટેન્શનમાં આવી જાય છે. બાળક ખોડખાંપણવાળો જન્મે તો આપણે દુખી થઈએ છીએ આ વિચાર કઈ રીતે જીવનમાંથી કાઢવો જોઈએ.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૫

સૂર્યાસ્ત : ૬.૪૮

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૧.૪ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૮ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

રાઈસ ઑફ એન એમ્પાયર : ૧૦.૧૦, ૧૨.૩૦, ૫.૫૦, ૧૧.૧૦

શાદી કે સાઈડ ઈફેક્ટસ : ૨.૪૦, ૮.૧૦

: સ્ક્રીન-૨ :

ક્વીન : ૧૦.૧૫, ૧.૧૫,૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેવકૂફિયા : ૯.૩૦, ૧૨.૧૦, ૨.૫૦, ૫.૩૦, ૮.૧૦, ૧૦.૫૦

: સ્ક્રીન-૪ :

બેવકૂફિયા : ૧૦.૫૦, ૧.૩૦, ૪.૧૦, ૬.૫૦, ૯.૩૦

### આર વર્લ્ડ

: સ્ક્રીન-૧ :

રાગીની એમએમએસ-૨ : ૧૦.૧૫, ૧.૧૫, ૬.૩૦, ૧૦.૦૦

બેવકૂફિયા : ૪.૦૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઓફ ગોસ્ટ : ૧૨.૪૫, ૭.૦૦

રાઈઝ ઑફ એન એમ્પાર : ૪.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

રાગીની એમએમએસ-૨ : ૩.૩૦, ૭.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

રાગીની એમ.એમ.એસ.: ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ગેન્ગ ઑફ ગોસ્ટ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

બેટલ ઑફ ધ ડીમાન્ડ : ૧૧.૦૦

ગુલાબ ગેન્ગ : ૧.૦૦, ૬.૦૦

રાગીની એમ.એમ.એસ. : ૪.૦૦, ૯.૦૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

રજવાડી બાપુને રંગ છે :૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### ચિરાગ સિનેમા(કલોલ)

ગુલાબ ગેન્ગ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

## આપની આજ

**મેષ** : પ્રગતિવર્ધક સમાચાર પ્રાપ્ત થશે. આવક કરતાં વધુ ખર્ચ થવાથી આર્થિક તંગીની આશંકા રહેલી છે. વ્યાપાર- વ્યવસાયિકમાં કાર્યક્ષેત્રનો વિકાર અને વ્યાપારિક મુશ્કેલીઓ દૂર થઈ શકશે.

**વૃષભ** : પ્રતિષ્ઠિત વ્યક્તિઓથી સંબંધોમાં ઘનિષ્ઠતા આવશે જેનો લાભ ભવિષ્યમાં મળશે. કૌટુંબીક પ્રશ્નોનું નિરાકરણ આવી શકશે. વ્યાપાર તથા નોકરીમાં ચિંતા દૂર થશે. યાત્રા- પ્રવાસ થઈ શકે છે.

**મિથુન** : વેપાર-ધંધો સારો ચાલશે. અણધાર્યા લાભની સંભાવના છે. વ્યાપારમાં વિસ્તાર હેતુ પ્રયત્ન વધુ કરવા પડશે. ભૂમિ - સંપત્તિના સોદામાં લાભ થવાની સંભાવના છે. કૌટુંબિક જીવનમાં સુખ- સમૃદ્ધિ બની રહેશે.

**કર્ક** : ભૂલ કરવાથી વિરોધી હાવી થઈ શકે છે. સમસ્યાઓનો ઉકેલ બુદ્ધિમતાથી કરવો. આર્થિક વિવાદોથી નુકસાન થઈ શકે છે. આપે કરેલ અથાગ પ્રયત્નોનો ઓછો લાભ મળી શકે છે. નકામો તનાવ, મુશ્કેલીઓ બની રહેવાની સંભાવના છે.

**સિંહ** : સફળ યાત્રા થશે. દેવાની ચિંતા ઓછી થશે. પરસ્પર સંબંધોને મહત્વ આપો. લાભનો માર્ગ મોકળો બનશે. કોઈ અટકેલું કાર્ય પૂર્ણ થવાથી આનંદ પ્રાપ્ત થશે. નોકરીમાં આધીનોનો સહયોગ મળશે.

**કન્યા** : માનસિક સંતોષ પ્રસન્નતા રહેશં. સંતાનની પ્રગતિ થશે. આવકના નવા સાધનો પ્રાપ્ત થઈ શકે છે. આપને સતાવતી કોઈ ચિંતાથી મુક્તિ મળશે. સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાશે.

**તુલા** : સંપત્તિની ખરીદારીમાં લાભ થશે. નવા વિચાર અથવા યોજના પર ચર્ચા થશે. સમાજ અને રાજકારણ ખ્યાતિમાં અભિવૃદ્ધિ થશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રા-પ્રવાસનો યોગ બની રહ્યો છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવશે. વ્યાપાર-વ્યવસાય મધ્યમ રહેશે. કુટુંબના સભ્યો તથા મિત્રોનો સાથ સહકાર મળી રહેશે. આર્થિક લાભની તક પ્રાપ્ત આવશે. તમારા કાર્યોની પ્રશંસા થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા-સંબંધીઓથી મુલાકાત થશે. વ્યવસાયિક લાભ અને સુખ -સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદર અપાવશે.

**મકર** : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકશે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બની રહ્યો છે. વિવાદિત વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્રોત તરફ વિચાર - વિમર્શનો યોગ બને છે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર સંયમ રાખવો. કૌટુંબિક, માંગલિક કાર્યોમાં વિશેષ ઉન્નતિકારક યોગ બની રહ્યો છે. જેના કારણે મન પ્રસન્ન રહેશે.

**મીન** : મિત્ર સહયોગ પ્રાપ્ત ન થઈ શકે. આપની મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાની સંભાવનાઓ છે. કુટુંબમાં સારું વાતાવરણ આપને પ્રગતિમાં સહાયરૂપ બની રહેશે.

## ચિરવિદાય

- સ્વ.છનાભાઈ શકરાભાઈ સોલંકી(ઉ.વ. ૭૦) પ્લોટ નં. ૫૪૨/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. તખીબેન વીરમજી ઠાકોર(ઉ.વ. ૮૦) મુ. બોટાકીયા, પો. ડભોડા, તા., જિ. ગાંધીનગર.